દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

# સુપ્રીમ કોર્ટના ચુકાદા અને ટ્રમ્પના નવા ટેરિફ પછી અનેક અંધાધુંધી સર્જાઇ છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક ટર્મના ગેપ પછી બીજી ટર્મ માટે અમેરિકાના પ્રમુખ બન્યા તે બાદ તેમણે ટેરિફના નામે દુનિયાભરમાં તરખાટ મચાવી દીધો. દુનિયાના અનેક દેશો અમેરિકાને વર્ષોથી લૂંટી રહ્યા છે એવા આક્ષેપો સાથે ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર આકરા આયાત વેરા ઝીંકી દીધા. અનેક દેશો પર જુદા જુદા બહાના હેઠળ તેમણે વધારાના કેટલાક ટેરિફ પણ લાદ્યા. જેમ કે રશિયન ઓઇલ ખરીદવા બદલ ભારત પર રેસિપ્રોકલ ટેરિફ ઉપરાંત વધારાના ૨૫ ટકા ટેરિફ ઝિંકી દીધા. આ બધા ટેરિફ તેમણે અમેરિકાના કટોકટી સમયના એક ખાસ કાયદા હેઠળ ઝિંક્યા હતા પણ અમેરિકાની સુપ્રીમ કોર્ટે તેના તાજેતરના એક ચુકાદામાં ટ્રમ્પના આ બધા ટેરિફને ગેરકાયદે ઠેરવી દીધા અને તે સાથે જ એક મોટો ખળભળાટ મચી ગયો. દુનિયાભરના દેશો પર અમેરિકાએ લાદેલા ટેરિફ એકઝાટકે રદ થઇ ગયા. પણ આ ચુકાદાના થોડા જ કલાકોમાં ટ્રમ્પે એક જુદા કાયદા હેઠળ ૧૫૦ દિવસ માટેના હંગામી ૧૦ ટકા વૈશ્વિક ટેરિફ જાહેર કરી દીધા! અને બીજા દિવસે આ ટેરિફ વધારીને ૧૫ ટકા કર્યા. સુપ્રીમ કોર્ટના ચુકાદા અને તેના પછીના ટ્રમ્પના પગલાઓને કારણે વૈશ્વિક ક્ષેત્રે ભારે ગુંચવાડાભરી સ્થિતિ સર્જાઇ છે. ભારત સાથેના વેપાર કરાર બાબતે પણ ગુંચવાડો સર્જાયો છે અને વેપાર મંત્રણા અટકી ગઇ છે તો બીજી બાજુ આયાતી વસ્તુઓ પર ઉંચા દરે વેરા ભરનાર અમેરિકી કંપનીઓ હવે રિફંડ માગી રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી વ્યાપક ટેરિફ પર સુપ્રીમ કોર્ટના આકરા પ્રહારનો અર્થ એ છે કે હવે તેઓ પોતાની મરજી મુજબ આયાત પર નવા વેરા લાદી શકશે નહીં. પરંતુ શુક્રવારે આવેલા કોર્ટના આ ચુકાદાથી ટ્રમ્પની વેપાર નીતિ અંગેની તે અનિશ્ચિતતા ઓછી થાય તેવી શક્યતા નથી, જેના કારણે છેલ્લા એક વર્ષથી વ્યવસાયો ઠપ થઈ ગયા છે. હજુ અનેક મૂંઝવતા પ્રશ્નો બાકી છે: સુપ્રીમ કોર્ટે જે ટેરિફ રદ કર્યા છે તેને ફરીથી લાગુ કરવા માટે રાષ્ટ્રપતિ અન્ય કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કરશે, અને શું તે પ્રયાસો કાયદેસરના પડકારો સામે ટકી શકશે? ટ્રમ્પે જે ટેરિફના જોરે અન્ય દેશો પર દબાણ લાવીને વેપાર કરારો સ્વીકારવા મજબૂર કર્યા હતા, તે કરારોનું હવે શું થશે? શું આયાતકારોએ ગયા વર્ષે ચૂકવેલા ટેરિફનું રિફંડ મેળવી શકશે, અને જો હા, તો કેવી રીતે? ત્યારબાદ ટ્રમ્પની પોતાની અનિશ્ચિતતાનો પ્રશ્ન પણ છે. સુપ્રીમ કોર્ટના પ્રતિકૂળ ચુકાદા માટે તૈયારી કરવા માટે તેમની પાસે અઠવાડિયાઓનો સમય હોવા છતાં, તેમનો પ્રતિસાદ અસ્તવ્યસ્ત હતો: શુક્રવારે તેમણે કહ્યું કે તેઓ અન્ય કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને આયાત પર 10% લેવી લાદશે, અને શનિવારે તેમણે તે વધારીને 15% કરી દીધી. સામાન્ય રીતે, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ટેરિફમાં થતા ઘટાડાથી અર્થતંત્રને થોડી ગતિ મળવાની અપેક્ષા રાખી શકાય, પરંતુ ટ્રમ્પના નવા ટેરિફે ગુંચવાડો ઉભો કરી દીધો.

બીજી બાજુ અનેક કંપનીઓ હવે રિફંડ માગી રહી છે. ફેડએક્સ એ અમેરિકી સરકાર સામે દાવો માંડીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગત વર્ષે લાદવામાં આવેલા ટેરિફ પેટે ચૂકવેલી રકમનું સંપૂર્ણ રિફંડ માંગ્યું છે. સુપ્રીમ કોર્ટે આ ટેરિફને ગેરકાયદેસર ઠેરવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ફેડએક્સ, કોસ્ટકો અને રેવલોન જેવી મોટી અમેરિકન કંપનીઓ સહિત અન્ય સંસ્થાઓએ પણ આ ગેરકાયદેસર ટેરિફના નાણાં પાછા મેળવવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. અદાલતના ચુકાદામાં જાણવા મળ્યું કે ટ્રમ્પે કટોકટી સત્તા કાયદા હેઠળ લાદેલા ટેરિફ ગેરબંધારણીય હતા, જેમાં લગભગ દરેક દેશ પર લાદવામાં આવેલા વ્યાપક રેસિપ્રોકલ ટેરિફનો પણ સમાવેશ થાય છે. ફેડરલ ડેટા દર્શાવે છે કે ટ્રેઝરી વિભાગે ડિસેમ્બર સુધીમાં આ કાયદા હેઠળ લાદવામાં આવેલી આયાત જકાતમાંથી 133 અબજ યુએસ ડોલરથી વધુ રકમ એકત્ર કરી હતી. આગામી દાયકામાં આની અસર અંદાજે 3 ટ્રિલિયન યુએસ ડોલર જેટલી હોવાનો અંદાજ છે. ભારત પર ખરેખર કેટલો ટેરિફ લાગુ પડશે તે અંગે પણ ગુંચવાડો છે. હવે આ બધા અંધાધૂંધીઓ કેવી રીતે દૂર થાય છે તે જોવાનું રહે છે.

## સ્વર્ગ ક્યારે જવાય?

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પ્રસિદ્ધ જ્ઞાની સંત શ્રી નરેન્દ્ર દેવના પ્રિય શિષ્ય નું નામ શ્રીનાથ હતું. ગુરુ સંતશ્રી નરેન્દ્ર દેવને પોતાના શિષ્ય પર પ્રેમભાવ લાગણી અને વિશ્વાસ હતો કે તે મારું આપેલું જ્ઞાન ચોક્કસ ઉજાળશે. એક દિવસ સાંજે અધ્યયન બાદ બધા શિષ્યો બગીચામાં બેસી આનંદ કરી રહ્યા હતા; ત્યારે સ્વર્ગ અને નરક પર ચર્ચા શરૂ થઈ. બધા પોતાની સમજ પ્રમાણે સ્વર્ગ અને નરક એટલે શું સમજાવી રહ્યા હતા અને સ્વર્ગમાં ક્યારે જવાય? અને કઈ રીતે જવાય? સ્વર્ગનો માર્ગ કયો? એ વિશે પોતાના મનની વાત જણાવી રહ્યા હતા. શ્રીનાથ ચર્ચા સાંભળી રહ્યો હતો પરંતુ કંઈ બોલતો ન હતો. એક શિષ્ય મિત્ર રાજનાથે શ્રીનાથને પૂછ્યું, 'શ્રીનાથ, મિત્ર શું હું સ્વર્ગમાં જઈ શકીશ? શ્રીનાથે જવાબ આપ્યો, ' જ્યારે હું જશે પછી તું સ્વર્ગમાં જઈશ.' આ જવાબ સાંભળી રાજનાથને લાગ્યું મિત્ર શ્રીનાથને પોતાના જ્ઞાન અને ગુરુના પ્રિય શિષ્ય હોવાનું અભિમાન આવી ગયું છે. બધા



શિષ્યોએ જઈને શ્રીનાથના આવા અભિમાનભર્યા જવાબની ફરિયાદ ગુરુજીને કરી. ગુરુજીએ શિષ્યોની વાત સાંભળી પરંતુ તેમને ખબર હતી કે શ્રીનાથ જ્ઞાની છે અભિમાન કરે તેવો નથી. તે ઓછા શબ્દોમાં પણ ગહન જ્ઞાનની વાત કરી શકે તેવું ઊંડું જ્ઞાન ધરાવે છે. ગુરુજીએ શ્રીનાથને બોલાવી બગીચામાં જે ચર્ચા થઈ તેના વિશે પૂછ્યું. શ્રીનાથે કહ્યું, 'હા ગુરુજી, મેં આવો જ જવાબ આપ્યો હતો.' બધા શિષ્યો શ્રીનાથને ગુરુજી સામે આવા ગર્વભર્યા જવાબથી અચંબિત થઈ ગયા. ગુરુજી હસ્યા અને બધાને શાંત થવા કહ્યું અને શ્રીનાથને ફરી પ્રશ્ન પૂછ્યો, ' શ્રીનાથ શું તું સ્વર્ગમાં જઈ શકીશ?' શ્રીનાથે જવાબ આપ્યો, ' ગુરુજી જ્યારે 'હું' જશે પછી હું સ્વર્ગમાં જઈ શકીશ.' ગુરુજીએ હવે બધા શિષ્યોને સમજાવતા કહ્યું, 'જુઓ બરાબર સાંભળો અને બરાબર સમજો શ્રીનાથના કહેવાનો અર્થ છે 'હું જશે એટલે કે જ્યારે તમારા મનનો અહંકાર જશે.. હું પણું દૂર થશે ત્યારે આપણે સ્વર્ગને પ્રાપ્ત કરી શકીશું. જ્યારે જ્યારે તમારા મનમાં એવી વાતો ઉછાળા મારશે કે હું જ્ઞાની છું... હું બધું કરું છું... મેં આ કામ કર્યું છે... મેં ઘણા પુણ્ય કર્યા છે... હું ધર્મને જાણું છું... હું બધું જ કરી શકું છું ત્યાં સુધી સ્વર્ગ બહુ જ દૂર છે. 'મેં કર્યું' અને 'હું કરું છું' એવા અહંકારના પ્રતીક સમી વાતો અને વાક્યોમાંથી મનમાંથી જ્યારે 'હું' અને 'મેં' ઓગળી જશે ત્યારે જ સ્વર્ગમાં જઈ શકાશે.' ગુરુજીએ સાચી સમજ આપી.

# સ્ત્રીના રક્ષણના નામે ઘડાતા કાયદાના હાર્દમાં સ્ત્રીની સ્વાયત્તતા પર પ્રહાર

### કહેવાની વાત

**નેહા શાહ**

> **બંધારણની કલમ ૨૧ પ્રમાણે વ્યક્તિગત સ્વાતંત્ય એ દરેક ભારતીય નાગરિકનો મૂળભૂત અધિકાર છે – જેમાં વ્યક્તિના પસંદગી કરવાનો અને ગોપનીયતાનો અધિકારનો સમાવેશ થઈ જાય છે**

લગ્ન જેવો સુંદર સંબંધ કુટુંબની સંમતિથી થાય એનાથી રૂડું બીજું શું હોઈ શકે? પણ, દરેક કિસ્સામાં એવું બનતું નથી. માતા-પિતા પોતાનાં સંતાનનું 'હિત' જ જોતાં હોય, એમાં કોઈ શંકા નથી. પણ, સમય સાથે જીવનશૈલી બદલાય, વિચારવાની રીત બદલાય, જીવનનાં મૂલ્યો પણ બદલાય. પરિણામે પેઢી પ્રમાણે 'વ્યક્તિગત હિત'ની વિભાવના બદલાવાની, અને બે પેઢી વચ્ચે મતાંતરની શક્યતા ઊભી થવાની. ત્યારે જો સરકાર પુખ્ત વયની બે વ્યક્તિના લગ્ન માટે માતા-પિતાની સંમતિને ફરજિયાત બનાવતો કાયદો લઈને આવે તો?

બંધારણની કલમ ૨૧ પ્રમાણે વ્યક્તિગત સ્વાતંત્ય એ દરેક ભારતીય નાગરિકનો મૂળભૂત અધિકાર છે - જેમાં વ્યક્તિના પસંદગી કરવાનો અને ગોપનીયતાનો અધિકારનો સમાવેશ થઈ જાય છે. પસંદગીના અધિકારમાં જીવનસાથીની પસંદગી પણ આવી ગઈ. કલમ -૨૧ના અર્થઘટનમાં સુપ્રીમ કોર્ટે અનેક વખત સમાજ કે પરિવાર કરતાં પુખ્ત વ્યક્તિના પસંદગીના અધિકારને મહત્ત્વનો ગણાવી ચૂકી છે, ૨૦૨૧ માં જ લક્ષ્મીબાઈ ચંદરગી બી વિરુદ્ધ કર્ણાટક રાજ્ય કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો બે પુખ્ત વ્યક્તિઓ લગ્ન કરવા માટે પરસ્પર સંમત હોય ત્યારે પરિવાર, સમુદાય અથવા કુળની સંમતિ જરૂરી નથી. આ અધિકાર દરેક નાગરિકને - એટલે કે સ્ત્રી તેમજ પુરુષ બંનેને સરખો મળે છે. દરેક સ્ત્રીને પોતાના જીવનસાથીની પસંદગી કરવાનો અધિકાર છે. આ સંદર્ભે ગુજરાત સરકારની 'ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ-2006'ના નિયમો બદલવાની દરખાસ્ત બંધારણે આપેલા મૂળભૂત અધિકારનો ભંગ કરે છે. નવી દરખાસ્ત મુજબ લગ્નની નોંધણી માટે ફોર્મ ભરવા ઉપરાંત માતા-પિતાની જાણકારી અને ચોક્કસ દસ્તાવેજોની ચકાસણી ફરજિયાત બનાવવામાં આવી છે. લગ્નની નોંધણી કરાવનાર દંપતીનાં માતા-પિતાને 10 દિવસમાં તેની જાણ કરાશે અને એ આધારે જ લગ્નને સંમતિ મળશે !. જો માતા-પિતાની સંમતિ નહિ હોય તો શું થશે એ અંગે હજુ ખાસ સ્પષ્ટતા નથી. સરકારનો મૂડ જોતાં એવું લાગી રહ્યું છે કે લગ્ન કરનાર દંપતી કરતાં માતા-પિતાની સંમતિને સર્વોપરી માનવામાં આવી શકે છે, જેની શક્યતા આંતરધર્મી કે આંતરજ્ઞાતિય લગ્નમાં વિશેષ રહેશે. અહીં એ નોંધવું અગત્યનું છે કે અહીં જે કાયદામાં સુધારાની વાત છે તે 'વિશેષ લગ્ન કાયદો-1954' (સ્પેશ્યલ મેરેજ એક્ટ) લગ્નને કાનૂની રીતે મંજૂરી આપવા માટે બિનસાંપ્રદાયિક માળખું પૂરું પાડે છે એમાં કોઈ ધાર્મિક વિધિની આવશ્યકતા નથી. સામાન્ય ભાષામાં 'કોર્ટ મેરેજ' તરીકે ઓળખાતો કાયદો એક નાગરિક માળખું પૂરું પાડે છે જે અંતરગત આંતર-ધર્મી અને આંતર-જ્ઞાતિનાં યુગલો લગ્ન કરી શકે. લગ્નની નિર્ધારિત તારીખ પહેલાં એક જાહેર નોટિસ આપવાની હોય છે. સામાન્ય રીતે કુટુંબના વિરોધથી ઉપરવટ જઈને લગ્ન કરવા ઈચ્છતાં યુગલ કોર્ટ મેરેજનો સહારો લેતાં હોય છે.

સરકારના કહેવા મુજબ નિયમો બદલવા પાછળનો મુખ્ય ઉદ્દેશ પ્રેમલગ્નના નામે થતી છેતરપિંડી રોકવાનો તેમજ પ્રક્રિયાને પારદર્શક અને સામાજિક રીતે સુરક્ષિત બનાવવાનો છે. અહીં લૈંગિક પૂર્વગ્રહ ગર્ભિત છે, કારણ કે લગ્નમાં છેતરપિંડીથી પીડિત સામાન્ય રીતે સ્ત્રી જ હશે એવી ધારણા છે. સ્ત્રીઓ માટે સલામતી ઊભી કરવી અને એના રક્ષણના નામે એની પર નિયંત્રણ ઊભાં કરવામાં ફરક છે. જેમકે, ગુજરાત સરકારે જે નિયમોની દરખાસ્ત કરી છે એમાં એવું ધારી લેવામાં આવ્યું છે કે છોકરીઓ કોઈ પણ ષડ્યંત્રનો ભોગ બની શકે છે કે લાલચમાં આવી શકે છે. જાણે કે યુવાન સ્ત્રીઓ પોતાનું સારું નરસું જાતે સ્વતંત્ર રીતે વિચારી જ શકતી ના હોય! જ્યારે કોઈ સ્ત્રી સમાજના સ્વીકૃત માળખાથી અલગ વિચારે તો એના સ્વતંત્ર રીતે વિચારી શકનાર વ્યક્તિ તરીકે સ્વીકાર નથી હોતો. લગ્નના નિર્ણયમાં તો ખાસ. ૨૦૧૮નો પ્રચલિત શફી જહાં વિ. કે.એમ. અશોકન, - હાદીયા કેસ યાદ છે? ૨૪ વર્ષની હાદીયાએ (અખિલા અશોકન) પોતાની મરજીથી શફી જહાન સાથે લગ્ન કરી ઈસ્લામ અંગીકાર કર્યો એ સાથે કેસ 'લવ જીહાદ' નો બની ગયો. હાદીયા એ તો કોર્ટમાં સ્પષ્ટ જુબાની આપી હતી કે તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા છે અને સ્વૈચ્છિક રીતે ધર્મ પરિવર્તન કર્યું છે. આમ છતાં કેરાલા હાઈકોર્ટે માતાપિતાના પિતૃસત્તાક અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને અને 24 વર્ષીય મહિલાને 'નબળી' અને 'સંવેદનશીલ' ગણાવીને આંતરધર્મીય લગ્નને રદ કરી દીધા હતા ! પોતાના નિર્ણય માટે દ્રઢ હાદીયા સુપ્રીમ કોર્ટ પહોંચી ત્યારે સુપ્રીમ કોર્ટે, કેરાલ હાઈકોર્ટના ચુકાદાને રદ કરતા પુખ્ત મહિલાને પોતાની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરવાના અને ધર્મ પસંદ કરવાના વ્યક્તિના અધિકારને સમર્થન આપ્યું હતું અને હાદીયાના વ્યક્તિગત પસંદગીના હકને ન્યાય મળ્યો હતો.

પાછલાં થોડાં વર્ષોમાં પ્રેમલગ્ન વિરુદ્ધ નિયમો કડક કરવાનો મુદ્દો ઘણી જ્ઞાતિના મંચ પરથી ઊઠતો રહ્યો છે. છોકરીના લગ્ન સાથે સમાજની મોભા અને મર્યાદાને જોડવામાં આવે છે. એટલે જ છોકરીઓ માટે લગ્નની પસંદગી પર નિયંત્રણોને સામાજિક રીતે ઉચિત ગણવામાં આવે છે જેને સ્ત્રીના 'સંરક્ષણ'નું નામ મળે છે જે સ્ત્રીની સ્વાયત્તતા સાથે સીધું સમાધાન કરે છે. 'સંરક્ષણ' એટલે શું? અને કોણ, કોનું , શાનાથી રક્ષણ કરે છે એ પ્રશ્ન ઊઠવા જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગુજરાતમાં લગ્ન નોંધણી નિયમોમાં સૂચિત સુધારા છોકરીઓને અને નાગરિકોને જ વધારે હેરાન કરશે

### રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **વિજ્ઞાન અને ટેકનોલોજીનો દુરુપયોગ ઊડીને આંખે વળગ્યો. સોનોગ્રાફી મશીન બાળકીઓને જન્મતાં પહેલાં જ મારી નાંખવામાં કારણરૂપ બન્યો અને સમાજમાં પાટીદાર સમાજમાં આ પ્રમાણ વધારે જોવા મળ્યું. તત્કાલીન મુખ્ય મંત્રી શ્રીએ હરિયાણાના બેટી બચાવ આંદોલનને ગુજરાતમાં શરૂ કર્યું. બેટી પઢાવ માટે રથયાત્રા કાઢી. પાટીદાર આગેવાનો જાગૃત થયાં. છોકરા મોટા થશે તો પરણશે ક્યાં?**

ભારત વિરોધાભાસોનો દેશ છે. એક તરફ દેશના પ્રધાન મંત્રી શ્રી દુનિયાના એ.આઈ. તજજ્ઞો સાથે સમિટ યોજી રહ્યા હતા ત્યારે ગુજરાત વિધાનસભામાં લગ્નનોંધણી માટેના સામાન્ય બુદ્ધિમાં પણ ના ઊતરે તેવા નિયમો સૂચવવામાં આવી રહ્યા હતા. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી જે યુવાનોમાં લોકપ્રિય થવા માટે વિકાસની રાજનીતિની વાતો કરે છે તેમની જ પાર્ટીનાં કેટલાંક લોકો હવે આ જ યુવા પેઢીને અઢારમી સદી તરફ લઈ જવાની વાત કરે છે. ભાજપે આ આંતર વિરોધ વહેલી તકે ઓળખવો પડે.

ગુજરાતમાં ૧૯૯૧ની વસ્તી ગણતરીમાં ધ્યાનમાં આવ્યું કે એક હજાર પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું થતું જાય છે. નવાં જન્મતાં બાળકોમાં બાળકો વધુ અને બાળકીઓ ઓછી જન્મે છે. 2001ની વસ્તીગણતરીમાં આ અસમાનતા વધારે જોવા મળી. એક હજાર પુરુષ સામે ૯૨૪ સ્ત્રીઓ નોંધાઈ. ભારતમાં હરિયાણા અને ગુજરાતમાં ઊંઝા એટલે કે મહેસાણા જિલ્લામાં સ્ત્રી પુરુષ દર વધારે અસમાન જોવા મળ્યો.

વિજ્ઞાન અને ટેકનોલોજીનો દુરુપયોગ ઊડીને આંખે વળગ્યો. સોનોગ્રાફી મશીન બાળકીઓને જન્મતાં પહેલાં જ મારી નાંખવામાં કારણરૂપ બન્યો અને સમાજમાં પાટીદાર સમાજમાં આ પ્રમાણ વધારે જોવા મળ્યું. તત્કાલીન મુખ્ય મંત્રી શ્રીએ હરિયાણાના બેટી બચાવ આંદોલનને ગુજરાતમાં શરૂ કર્યું. બેટી પઢાવ માટે રથયાત્રા કાઢી. પાટીદાર આગેવાનો જાગૃત થયાં. છોકરા મોટા થશે તો પરણશે ક્યાં?

ચિંતા સાચી પડી, છોકરાઓ સામે છોકરીઓની અછત ઊભી થઈ અને એક તો છોકરીઓ ઓછી એમ તે બીજી જ્ઞાતિના છોકરા સાથે લગ્ન કરે એટલે દુકાળમાં અધિક માસ!

હવે વાતનો બીજો મુદ્દો, ગુજરાતના રાજકારણમાં યેન કેન પ્રકારે નેતાગીરી કરવા નીકળેલાં કેટલાંક લોકોએ જોયું કે આ સરકારમાં રોજગારી, કોન્ટ્રાક્ત પ્રથા, સ્કૂલ ફી, ટ્રાફિક, જાહેર હિંસા આવા કોઈ મુદ્દે સરકાર સામે પડી નેતાગીરી કરી શકાય તેમ નથી અને આવનારી ચૂંટણીમાં જ્ઞાતિને આધારે ટીકીટ ફાળવણી થાય તો આપનું નામ જ્ઞાતિ આગેવાનમાં બોલાવું જોઈએ. તો આ માટે સરળ રસ્તો છે. છોકરીઓની પસંદગીના લગ્નનો, પ્રેમલગ્નનો વિરોધ કરવો. આમ પણ હજુ અનેક મા-બાપ છોકરા છોકરીઓ જાતે જીવનસાથી પસંદ કરે તેવું માનતા તો નથી જ. હા, ઘણા આમાં બહુ હાથ નથી પકડતા માટે પંસદગીના લગ્ન ઘર મેળે પતાવી આપે છે અને ઘણાં માનતા નથી ત્યાં છોકરા છોકરીઓ પોતાની મેળે લગ્ન કરી નિયમ મુજબ કોર્ટમાં રજીસ્ટ્રેશન કરાવી દે છે. લોકો અને લવ મેરેજ કોર્ટ મેરેજ કે રજીસ્ટર્ડ મેરેજ કહે છે. હવે નવી નવી નેતાગીરી કરનારને આ ખૂંચ્યું છે અને વિરોધ કરવા માટે સહેલું લાગ્યું છે. સરકારને પણ આમાં લવ જેહાદનો શબ્દ ઉમેરી વાતને આડા પાટે લઈ જવામાં જાણે રસ પડ્યો છે અથવા બહુ ગમ્ભીરતાપૂર્વક વિચાર્યું જ નથી. અધિકારીઓએ વચલો રસ્તો કાઢ્યો છે કે લગ્ન નોંધણી માટે મા બાપના આધાર કાર્ડ માંગો. તેમના ફોન નમ્બર માંગો અને તેમને જાણ કરો તથા નોંધણીની તારીખથી એક મહિના પછી રજીસ્ટ્રેશન સર્ટી આપો.

હવે વાત એક , આમાં ક્યાંય લગ્ન રજીસ્ટ્રેશન નહિ થાય તેવું લખ્યું નથી. એક મહિના મોડું થશે એમ લખ્યું છે . બીજી વાત, મા બાપ ના પાડે તો પછી શું? તેનો ઉલ્લેખ નથી.

ત્રીજી વાત મા બાપને જાણ વોટ્સેપ થી થશે ...પણ નમ્બર સાચો હોય , માં બાપ પાસે ફોન હોય ,તો

ચોથી વાત એક તરફનાં મા બાપ માન્ય રાખે, બીજી તરફનાં માન્ય ના રાખે તો શું કરવાનું?

પાંચમી વાત, લગ્ન કરીને છોકરો છોકરી એક મહિનો સાથે રહે પછી મા બાપની નાપસંદગીને કારણે આ લગ્ન ફોક થાય તો વિચારો ખરેખર શોષણ કોનું થયું ગણાય?

છઠ્ઠી વાત , મહિના પછી મા બાપને કારણે બન્ને છૂટાં પડે તો પણ છોકરા પર ગુનો તો લાગુ પાડી શકાતો નથી.

સાતમી વાત શું ગુજરાતના સાત કરોડ લોકોએ માંગ કરી 'તી ?

આઠમી વાત . કોર્ટ પાસે બધા જ લગ્ન રજીસ્ટ્રેશન માટે જાય છે. સામાન્ય લગ્નો અને પ્રેમલગ્ન એમ જુદા પ્રકાર નથી ... માટે આ મહિનો મોડા નોંધણી નો નિયમ સામાન્ય લગ્ન નોંધણી માટે આવનારાં નાગરિકોને જ હેરાન કરશે.

નવમી વાત દિલ્હીમાં ચીનના રોબોટને પોતાનો ગણાવાયો એવું જ તાલીબાનના નિયમને આપણો ગણાવાયો એવું તો નથી થયું ને ?

છેલ્લે , કોઈ છોકરો ખરેખર છોકરીને ફસાવે , લગ્નની લાલચ આપે , સમ્બન્ધ બાંધે અને છેલ્લે . બકા, હું તો તારી સાથે લગ્ન કરવા માંગું છું પણ તારા મા બાપ જ ના પાડે છે. જો ..એમ કહીને છટકી જવા માંગતો હોય તો આ નિયમો તેને સૌથી વધારે ફાયદો કરાવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સુરતીઓ હોળીમાં ધાણી ચણા ખાય છે

દિવાળી પછીનો સૌથી મોટો તહેવાર હોળી છે. સુરત એટલે શેરીઓમાં વસતું શહેર. ચાર શેરીઓ વચ્ચેના ભાગને ચકલો કહેવામાં આવે છે. સુરતીઓ હોળી ચકલા તરીકે પણ ઓળખે છે. ચકલા પર હોળી પ્રગટાવવામાં આવે છે. હોળીનું ધાર્મિક મહત્ત્વ છે. હોળીના દિવસે સુરતમાં જુવારની ધાણી અને ચણા ખાવાની પરંપરા ચાલી આવેલી છે. ફાગણ મહિનો શરૂ એટલે સુરતની શેરીઓના નાકે ધાણી ફોડવાની ભઠ્ઠી લાગી જાય. સુરતી ગૃહિણીઓ લાલ જુવાર ખરીદી કરી તેને પાણીમાં પલાળી સૂકવતા. જુવાર સુકાઈ જાય એટલે ભઠ્ઠીમાં ફોડાવવામાં આવતી,ભઠ્ઠી ઉપર મોટા કરૈયામાં ગરમ રેતીમાં જુવાર ફોડવામાં આવે છે. ધાણી ફોડાવવા માટે ભઠ્ઠીએ લાઈનો લાગતી હતી. જુવારની ધાણી કફનાશક છે. શિયાળામાં કફ જામી ગયો હોવાથી હોળી ટાંકણે ધાણી ખાવાની પ્રથા ચાલી આવેલ છે. ગૃહિણીઓ હોળી ભૂખ્યાં રહે છે ત્યારે બપોરે ધાણી ચણા ખાય છે. આજે પણ જુવારની સફેદ ધાણી તૈયાર ખરીદી કરવામાં આવે છે. ઋતુ મુજબ ખાણીપીણી સ્વાસ્થ્ય માટે હિતાવહ છે.

**સુરત -કિરીટ મેઘાવાલા**

### બેટીની શિક્ષા – સમાજના ઉજ્જવળ ભવિષ્યની ચાવી

આજના સમયમાં વિકાસ અને પ્રગતિની ઘણી વાતો થાય છે, પરંતુ સાચી પ્રગતિ ત્યારે શક્ય બને જ્યારે બેટીઓને સમાન શિક્ષણ અને અવસર મળે.

બેટી માત્ર પરિવારની શાન નથી, પરંતુ સમાજના ભવિષ્યની મજબૂત નીવ છે.

એક શિક્ષિત બેટી આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધી શકે છે. તે પોતાના અધિકારો સમજે છે, યોગ્ય નિર્ણયો લઈ શકે છે અને પરિવારને સકારાત્મક દિશામાં આગળ ધપાવે છે. બેટીની શિક્ષા કોઈ ખર્ચ નહીં, પરંતુ સૌથી મોટું રોકાણ છે. એક પિતા તરીકે મારી દીકરી અનશિકા પવન વિશ્વકર્મા જ્યારે નવા શૈક્ષણિક તબક્કામાં પ્રવેશી રહી છે ત્યારે મને વધુ અનુભૂતિ થાય છે કે દરેક દીકરીને શિક્ષણ મળવું કેટલું જરૂરી છે. દીકરીનાં સપનાંઓને પાંખ આપવા માટે શિક્ષણ જ સૌથી મોટું સાધન છે. ચાલો, આપણે સૌ મળીને સંકલ્પ કરીએ કે કોઈ પણ પરિસ્થિતિમાં બેટીની શિક્ષા સાથે સમજૂતી નહીં કરીએ. કારણ કે શિક્ષિત બેટી જ સશક્ત સમાજનું સાચું ભવિષ્ય છે. આ લેખનો હેતુ નાગરિકોમાં જાગૃતિ અને જવાબદારીની ભાવના મજબૂત બનાવવાનો છે. આશા છે કે આ વિચારો વાચકો સુધી પહોંચશે.

**સુરત - પવનકુમાર ડી. વિશ્વકર્મા**

### દાઉદી વ્હોરા સમાજના ડૉ. નોમાન મસ્કતિ

સાંઠના દાયકાના ઝાંપાબજારના જાણીતા ગોલ્ડ મેડાલીસ્ટ આંખના સેવાભાવી ડો. નોમાન મસ્કતિ જૂના સુરત શહેરનાં સુરતવાસીઓ સારી રીતે પરિચિત હતાં. અમારા પરિવાર સાથે પણ બહુ મીઠા મધુરા સંબંધ હતા. અમારી દુકાન અને ઘર પણ ઝાંપાબજારમાં હતાં. કમનસીબી એવી કે અમારા પરિવારના વડીલ અમારા મોટા ભાઈને કુલ પાંચ સંતાન હતાં. એમાંથી બે દીકરી અને એક દીકરાની આંખે જનમથી અંધારું હતું.આંખમાં મોતિયો લઈને જન્મ્યાં હતાં. અમારા પરિવાર માટે બહુ ભારી મૂંઝવણ હતી. ચિંતાનો વિષય બની ગયો હતો. એવી સકંટની ઘડીએ અમારા દુઃખમાં ડૉ. સાહેબ ભાગીદાર બનીને આવ્યા. તદ્દન મામૂલી ફી ડૉ. સાહેબે સહેલાઈથી સફળ ઓપરેશન કરીને અમારા પરિવારના સૌનાં દિલ જીતી લીધાં. અમારી ચિંતા દૂર કરી દીધી. દીકરા દીકરીની આંખમાં નઈ રોશની પ્રાપ્ત થઈ. એ લોકોએ ભણી ગણીને પોતાના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી. સાહેબ એમના કિલિનીક પર જરૂરિયાતમંદોની મફતમાં સેવા આપતા ઉપરાંત પૈસાથી મદદ પણ કરતા. અફસોસ આજના યુગમાં આવા પરોપકારી પરગજુ ડોકટર હવે રહ્યા નથી. આ સેવાભાવી ડોકટરના જીવનમાંથી પ્રેરણા લઈને અમારા મોટા ભાઈએ પણ જીવનના અંત સમય સુધી સમાજ તરફથી મફતમાં યોજાતા મોતિયાનાં દર્દીઓની સેવા કરી. હવે એ સેવાભાવી ગુણ પરિવારના પ્રત્યેક સભ્યોના જીવનમાં વણાઈ ગયા છે. અંતમાં આવા દાઉદી વ્હોરા સમાજના ફરિશ્તા સ્વરૂપ ડો. સાહેબને વિનમ્ર નમન.

**સુરત – જગદીશ પાનવાલા**

### ચૂંટણી પ્રચારનું બદલાતું સ્વરૂપ એ.આઈ.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે લગભગ દરેક ક્ષેત્રમાં ખૂબ જ ઝડપથી પગપેસારો કરી લીધો છે. આપણા દેશમાં રાજકીય પક્ષો દ્વારા પણ એ.આઈ. નો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ રાજ્યમાં ચૂંટણી આવી રહી છે. એ રાજ્યોમાં ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દરેક પાર્ટી મતદારો સુધી પહોંચવા માટે એ.આઈ. નો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે છે. એ.આઈ.નો પોઝિટિવ ઉપયોગ કરવામાં આવે તો તે આવકારદાયક છે પરંતુ કેટલીક વખત ફેક ઓડિયો અને વીડિયો બનાવીને પ્રતિપક્ષના ઉમેદવાર માટે ભયજનક સામગ્રી પ્રજા આગળ પીરસવામાં આવે છે. ખોટી માહિતી ઝડપથી વાઈરલ પણ થઈ જતી હોય છે. પ્રજા આ બધું બિચારી બનીને સહન કરી લે છે. એ.આઈ. નો દુરુપયોગ કરીને નૈતિકતાનો ભંગ થતો હોય તો તે લોકશાહી માટે ખતરારૂપ છે. ભારતના ચૂંટણી પંચ પાસે આપણે એવી અપેક્ષા રાખીએ કે પ્રજાના હિત માટે એ.આઈ. ના ઉપયોગ અંગે કડકમાં કડક આચાર સંહિતા લાગુ કરવામાં આવે. એ.આઈ.ના નેગેટિવ ઉપયોગથી ભારતની પ્રજા ગેરમાર્ગે દોરવાઇ જાય એ ખૂબ જ જોખમકારક છે. ભારતના ઈલેક્શન કમિશન દ્વારા ઈલેક્શન કેમ્પેઇનમાં કૃત્રિમ બુદ્ધિના ઉપયોગ માટે માર્ગદર્શિકા તો જાહેર કરવામાં આવી છે પરંતુ પ્રશ્ન એ છે કે રાજકીય પક્ષો દ્વારા એનું પાલન કેટલું અને કેવું કરવામાં આવશે? નકલી અને ડીપ ફેક વીડિયો અને ઓડિયો માટે માર્ગદર્શિકા બનાવવામાં આવી છે જે સરાહનીય છે. એ.આઈ. ના દુરુપયોગને પરિણામે મતદારો મૂંઝવણ અનુભવીને ખોટો નિર્ણય લેશે તો તે ભારતની લોકશાહી માટે ખતરનાક સાબિત થશે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### માની જરૂરિયાત દરેક જીવાત્માને હોય છે

આજકાલ facebook પર એક નાનકડો વીડિયો ખૂબ વાયરલ થયો છે જેમાં જાપાનના એક ઝુ માં એક વાંદરાના બચ્ચાને જન્મ આપી તેની માતા મૃત્યુ પામે છે. બચ્ચું કંઈ સમજતું ન હોવાથી તે બીજાં વાંદરાઓનાં ટોળામાં દોડી જાય છે અને મા ને શોધે છે. તે દરેક વાંદરામાં પોતાની માને જુએ છે પણ બીજાં વાંદરાંઓ તેને મારે છે અને હડસેલો મારી કાઢી મૂકે છે, બચ્ચું મા વગર રહી શકતું નથી. તેણે ખાવા પીવાનું બંધ કર્યું અને ગુમસૂમ રહેવા લાગ્યું. ઝુ ના એક કર્મચારીને એક તરકીબ સૂઝી. તેણે વાંદરાના મુખાકૃતિવાળું એક ટેડી બિયર તેને આપ્યું અને જાણે ચમત્કાર થયો. આ બચ્ચું તે ટેડી બિયરને જ પોતાની મા સમજવા લાગ્યું. તેની સાથે રમે, કૂદે તેની ઉપર માથું રાખી સૂઈ જાય અને તેને જરા પણ અળગું ન રાખે. આ નિર્જીવ વાંદરાએ આ બચ્ચાને જીવતદાન આપ્યું. આ નિર્દોષ બચ્ચાની હરકત સૌનાં હૃદયને સ્પર્શી જાય છે અને એક શીખ આપે છે કે માની જરૂરિયાત દરેક જીવાત્માને હોય છે. ચાહે મનુષ્ય હોય, પશુ, પંખી કે પ્રાણી.

**સુરત - રેખા એમ. પટેલ**